# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન એ. વીંગ રૂમ નં. ૧૦૭ થી ૧૧૧ અમરેલી
ફોન અને ફેકસ નં. (૦૨૭૯૨) ૨૨૨૯૩૬
E-mail: amrelideo@gmail.com Website: www.deoamreli.com

ક્રમાંક: યોજના/તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ કમીટી/૧૮-૧૯/ તા. ૦૫/૧૧/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક/ઉચ્ચ. માધ્યમિક શાળાઓ તમામ,
જિ. અમરેલી

વિષય: રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ચેકીંગ હાથ ધરવા બાબત,
સંદર્ભ: જિલ્લા પંચાયત કચેરી, આરોગ્ય શાખા અમરેલી ના
પત્રાંક: આરો/તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ કમીટી/કાર્યવાહી નોંધ/૩૧૫-૩૨૬/૨૦૧૮
તા. ૨૫/૧૦/૨૦૧૮

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આરોગ્ય શાખાના સંદર્ભિત પત્ર દ્વારા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત અધ્યક્ષશ્રી ડીસ્ટ્રીક્ટ ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમિટી -વ- કલેક્ટરશ્રી દ્વારા આપવામાં આવેલ સુચના અન્વયે જણાવવાનું કે આપની કક્ષાએ માધ્યમિક/ઉચ્ચ. માધ્યમિક શાળાનાં આચાર્યશ્રીઓ/શિક્ષકશ્રીઓ દ્વારા શાળાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ કરતા તમામ વ્યક્તિ/ફેરીયા/દુકાનદારને ત્યાં ચેકીંગ હાથ ધરી કલમ-૪, ૬(અ) અને ૬(બ) હેઠળ નિયમિત દંડની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

આ અંગે કરેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની કચેરીને મોકલવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

G:\vaghela yojana\vaghela y



Scanned by CamScanner

નં. આરો/તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ કમીટી/કાર્યવાહી નોંધ/૩૧૫-૩૨૬/૨૦૧૮
જિલ્લા પંચાયત કચેરી,
આરોગ્ય શાખા,
અમરેલી.
તા.૨૫/૧૦/૨૦૧૮

વિષય :- તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ કમીટીની બેઠકની કાર્યવાહી નોંધ મોકલવા બાબત...

જયભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૨૩/૧૦/૨૦૧૮નાં રોજ કોન્ફરન્સ હોલ, જિલ્લા સેવા સદન, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી ખાતે ૧૦:૩૦ કલાકે જિલ્લા કક્ષાની તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ કમીટીની બેઠક યોજવામાં આવેલ જેની એજન્ડાવાઇઝ કાર્યવાહી નોંધ સાદર કરેલ છે જે જાણવા વિનંતી.

સભ્ય સચિવ
ડીસ્ટ્રીક્ટ ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમીટી
-વ-
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત-અમરેલી

નકલ સવિનય રવાના :- (જાણ સારૂં)

1. માન. અધિક નિયામકશ્રી (આરોગ્ય) વ સ્ટેટ નોડલ ઓફિસરશ્રી (ટોબેકો કંટ્રોલ) આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.), બ્લોક નં.-૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. માન. કલેકટરસા.શ્રી, કલેકટરશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી.
3. માન. જિલ્લા વિકાસ અધિકારી સા.શ્રી, જિલ્લા પંચાયત કચેરી, અમરેલી.

નકલ સવિનય રવાના :- (યોગ્ય કાર્યવાહી સારૂં)

1. માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, ચિતલ રોડ, અમરેલી.
2. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પુરવઠા શાખા, જિલ્લા સેવા સદન, અમરેલી.
3. વિભાગીય એસ.ટી.નિયામકશ્રી, એસ.ટી.ડીવીઝન, લાઠી રોડ, અમરેલી.
4. નાયબ માહિતી નિયામકશ્રી, જિલ્લા માહિતી કચેરી, જિલ્લા પંચાયત રોડ, અમરેલી.
5. જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીશ્રી, બહુમાળી ભવન, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી.
6. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શિક્ષણ શાખા, જિલ્લા પંચાયત, અમરેલી.
7. ફુડ એન્ડ ડ્રગ્સ ઇન્સ્પેક્ટરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બહુમાળી ભવન, અમરેલી.
8. અધ્યક્ષશ્રી, મનોવિજ્ઞાન વિભાગ, પ્રતાપરાય આર્ટસ કોલેજ, લાઠી રોડ, અમરેલી.
9. પ્રમુખશ્રી, લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળ, નિલકંઠ જ્વેલર્સ, માણેકપરા, હોટલ એન્જલની નીચે, અમરેલી.

Scanned by CamScanner

# રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાની ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમીટી મીટીંગની કાર્યવાહી નોંધ

સ્થળ : કોન્ફરન્સ હોલ. જિલ્લા સેવા સદન. અમરેલી. તારીખ : ૨૩-૧૦-૨૦૧૮. સમય : ૧૦:૩૦ કલાકથી....

તમાકુ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ જિલ્લા કક્ષાની સ્ટીયરીંગ કમીટીની મીટીંગ તા.૨૩-૧૦-૨૦૧૮ ને ૧૦:૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, કલેકટરશ્રીની કચેરી, અમરેલી ખાતે માન. શ્રી કલેકટર સાહેબનાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ, જેમાં નીચે મુજબ જણાવેલ સભ્યશ્રીઓએ હાજરી આપેલ હતી.

| | |
|---|---|
| ૧) માન. કલેકટર સા.શ્રી, અમરેલી | - અધ્યક્ષશ્રી |
| ૨) માન. જિલ્લા વિકાસ અધિકારી સા.શ્રી, અમરેલી | - સભ્યશ્રી |
| ૩) માન. નોડલ ઓફિસરશ્રી -વ- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલી | - સભ્ય સચિવશ્રી |
| ૪) પ્રતિનિધીશ્રી, માન. પોલીસ અધિક્ષક સા. શ્રી, અમરેલી | - સભ્યશ્રી |
| ૫) ડીસ્ટ્રીક્ટ કન્સલ્ટન્ટશ્રી –વ- એપેડેમીક મેડિકલ ઓફિસરશ્રી, અમરેલી | - સભ્યશ્રી |
| ૬) પ્રતિનિધીશ્રી, વિભાગીય એસ.ટી. નિયામકશ્રી, અમરેલી | - સભ્યશ્રી |
| ૭) ફુડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્પેક્ટરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમરેલી | - સભ્યશ્રી |
| ૮) પ્રતિનિધીશ્રી, નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલી | - સભ્યશ્રી |
| ૯) પ્રતિનિધીશ્રી, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, અમરેલી | - સભ્યશ્રી |
| ૧૦) અધ્યક્ષશ્રી, મનોવિજ્ઞાન વિભાગ, આર્ટસ કોલેજ, અમરેલી | - સભ્યશ્રી |
| ૧૧) પ્રમુખશ્રી, લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળ, અમરેલી | - સભ્યશ્રી |

માન. સભ્ય સચિવશ્રી -વ- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલી દ્વારા માન. અધ્યક્ષશ્રી તથા હાજર રહેલ સભ્યશ્રીઓને આવકારી મીટીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ હેઠળ અમરેલી જિલ્લાની તમામ નગરપાલીકાઓનાં ચીફ ઓફિસરશ્રીઓને તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ની કલમ-૪ (જાહેર સ્થળે ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ), કલમ-૫ (તમાકુ કે તમાકુની બનાવટોની પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાત આપવા પર પ્રતિબંધ), કલમ-૬ (અ) (૧૮ વર્ષથી ઓછી ઉમરની વ્યક્તિને તમાકુની બનાવટો વેચવા કે તેના દ્વારા વેચાણ કરવા પર પ્રતિબંધ), કલમ-૬ (બ) (શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની બનાવટો વેચવા પર પ્રતિબંધ) અને કલમ-૭ (નિર્દિષ્ટ આરોગ્ય વિષયક ચેતવણી વિના સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ) કલમોનું આવતીકાલ સાંજ સુધીમાં ચુસ્ત પાલન થાય અને કલમોનાં ભંગ બદલ દંડની વસુલાત કરી રીપોર્ટીંગ કરવા સુચના આપવામાં આવેલ.

જે અન્વયે સાંજ સુધીમાં દામનગર, સાવરકુંડલા, જાફરાબાદ અને ચલાલા સીવાય તમામ નગરપાલીકાઓ દ્વારા કુલ ૩૭ કેસો કરી કુલ રૂ. ૫૫૦૦ નો દંડ વસુલવામાં આવેલ જે તા.૨૪/૧૦/૨૦૧૮ નાં રોજ વિડિયો કોન્ફરન્સમાં ચર્ચા કરતા માન.અધ્યક્ષશ્રી દ્વારા પુન: તમામ નગરપાલીકાઓને તા.૩૦/૧૦/૨૦૧૮ સુધીમાં દંડ અને વસુલાતની કામગીરી કરી રીપોર્ટીંગ કરવા અને ત્યારબાદ નિયમિત દંડની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ. જે અન્વયે તા. ૩૦/૧૦/૨૦૧૮ સુધીમાં જાફરાબાદ સીવાય તમામ નગરપાલીકાઓ દ્વારા કુલ ૭૯ કેસો કરી કુલ રૂ. ૧૧,૭૦૦ નો દંડ વસુલવામાં આવેલ.

Scanned by CamScanner

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ જિલ્લાની તમામ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને કોલેજોનાં આચાર્યશ્રીઓ/શિક્ષકશ્રીઓ દ્વારા શાળા-કોલેજોની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ કરતા તમામ વ્યક્તિ/ફેરીયા/દુકાનદારને ત્યાં ચેકીંગ હાથ ધરી કલમ – ૪, ૬(અ) અને ૬(બ) હેઠળ નિયમિત દંડની કાર્યવાહી કરવા શિક્ષણ વિભાગને માન. અધ્યક્ષશ્રી દ્વારા સુચના આપવામાં આવેલ.

તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ની વિવિધ કલમોનાં ભંગ બદલ કરવામાં આવેલ કામગીરીનાં જુલાઇ-૨૦૧૮ થી સપ્ટેમ્બર-૨૦૧૮ નાં સંકલીત રીપોર્ટમાં દર્શાવ્યા મુજબ આરોગ્ય વિભાગ અને પોલીસ વિભાગ સીવાય અન્ય કોઇ વિભાગ દ્વારા દંડની કાર્યવાહી કે રીપોર્ટીંગ કરવામાં આવેલ ન હોય, માન. અધ્યક્ષશ્રી દ્વારા તમામ વિભાગોને કવાર્ટર વાઇઝ રૂ.૧૦,૦૦૦ નો દંડ કરવા અને નિયમિત રીપોર્ટીંગ કરવા સુચના આપવામાં આવેલ.

રાજ્ય સરકારશ્રીનાં પરીપત્ર નં. PFA-102008-GOI-24-JH. તા.૦૮/૦૯/૨૦૦૮ અનુસાર નિયુક્ત કરેલ સભ્યોની બે વર્ષની અવધિ હોય, બે વર્ષ પુર્ણ થયે નિયુક્ત કરેલ સભ્યોનું સભ્ય પદ રદ કરી નવા સત્ર માટે નવા સભ્યોની નિયુક્તિ કરવા જણાવેલ તો તે અનુસંધાને માન. અધ્યક્ષશ્રી દ્વારા સદરહું કમીટીમાંથી એન.જી.ઓ. તરીકે લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળનાં પ્રતિનિધિ તેમજ અધ્યક્ષશ્રી, મનોવિજ્ઞાન વિભાગ, આર્ટસ કોલેજ, અમરેલીનું સભ્ય પદ રદ કરવા અને તેમના સ્થાને લાયન્સ કલ્બ ઓફ અમરેલી સીટીનાં પ્રતિનિધિ અને પ્રજાપિતા બ્રહ્મકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય, અમરેલીનાં પ્રતિનિધિને સભ્ય તરીકે કમીટીમાં સમાવેશ કરવા મંજુરી આપવામાં આવી.

આમ, મીટીંગમાં કોઇ મુદ્દા બાકી ન હોય માન. અધ્યક્ષશ્રીની અનુમતી લઇ સભ્ય સચિવશ્રી દ્વારા મીટીંગને પૂર્ણ જાહેર કરવામાં આવી.

અધ્યક્ષશ્રી
(ડીસ્ટ્રીક્ટ ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમીટી)
-વ-
કલેકટરશ્રી
અમરેલી

Scanned by CamScanner